# સ્વામિ વિવેકાનંદ આધારિત નાટકે ભાવકોને સંમોહિત કર્યા





યુગનાયક સ્વામી વિવેકાનંદના જીવન આધારિત નાટકનું શનિવારે રાત્રે ગાંધીનગર ટાઉન હૉલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ભારત વિકાસ પરિષદ, શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ, ગાંધીનગર અને વિક્રમ ઍકેડેમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સના સંયુક્ત ઉપક્રમે રાત્રે ૯.૩૦ કલાકે આયોજિત આ નાટકનું દિગ્દર્શન ડૉ. વિક્રમ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ ભાગ્યેશભાઈ જ્હા ઉપસ્થિત રહ્યા હતા. સૌ રસિક નગરજનોને આ નાટક માણવા આયોજક સંસ્થાઓ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. (તસવીર : દિપક જાની)

## પરીક્ષા, પરિણામ, પ્રવેશોત્સવ અને પૂરક પરીક્ષાથી ત્રસ્ત જનો હળવા બન્યા

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત સરકાર દ્વારા જૂન અને જુલાઈ માસમાં શાળા પ્રવેશોત્સવ અને બોર્ડની પૂરક પરીક્ષાના કાર્યક્રમો હાથ ધરાયા હતા. વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, આચાર્યો અને ખાસ કરીને અધિકારીગણ છેલ્લા બે ત્રણ માસથી સમગ્ર કાર્યક્રમોના આયોજનમાં, તેની તૈયારીમાં અને તેને સફળ બનાવાવના પ્રયત્નોમાં રત હતા. હમણા દરેક કામગીરી પૂર્ણ થતાં વિદ્યાર્થીઓએ શાળાના આચાર્યોએ, શિક્ષકોએ અને અધિકારીગણે શાંતિ અનુભવી છે.

માર્ચ મહિનામાં બોર્ડની ધોરણ:૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ યોજાતી હોય છે ત્યારે વિદ્યાર્થીઓ સતત અભ્યાસમાં, તૈયારીમાં લીન થઈ જતા હોય છે. શિક્ષણ તંત્ર અને શિક્ષકો, વાલીઓ પણ પોતાના વિદ્યાર્થીઓને, શાળાના પરિણામને સુધારવા રાતદિન એક કરી નાખે છે. માર્ચ મહિનો પુરો થતાં એપ્રિલમાં શાળાઓની પરીક્ષાઓ અને મે મહિનામાં સ્થાનિક શાળાના અને બોર્ડના પરિમામો જાહેર થાય છે પરિણામ જાહેર થતાં જ વિદ્યાર્થીઓ અને વાલીઓ ધોરણ-૧૧માં અને કોલેજમાં પ્રવેશ મેળવવા દોડાદોડ કરી મુકે છે. પ્રવેશ ફોર્મથી માંડીને મેરીટ યાદી પડે ત્યાં સુધી સતત ઉચાટમાં રહેતા વાલીઓ અને વિદ્યાર્થીઓ જુનના બીજા વીકથી અને જુલાઈમાં શાળા કોલેજોમાં પહોંચી જાય છે. આ દરમિયાન સરકારી કાર્યક્રમોની વણઝાર શરૂ થઈ જાય છે. શાળા પ્રવેશોત્સવની સાથે સરકારી અધિકારીઓ લાગી જાય છે. શાળામાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના અને વાલીઓને જાગૃત કરવાના કાર્યક્રમો શાળા પ્રવેશોત્સવ દરમિયાન થાય છે.

# જૈન સોશ્યલ ગૃપ દ્વારા ગુજરાત પ્રદેશ અંતાક્ષરી સ્પર્ધા યોજાઈ

### કુલ ૨૧ ટીમોએ ભાગ લીધો જે પૈકી હિંમતનગરની ટીમ વિજેતા બની




તસવીર : કમલેશ શાહ

ગાંધીનગર, તા. ૧૫

જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરે પોતાના ત્રિ-દશાબ્દિ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રિજન અંતાક્ષરી સ્પર્ધાનો કાર્યક્રમ આજે હોસ્ટ કર્યો હતો.

સવારે ૧૧-૩૦થી સાંજે ૬ કલાક દરમ્યાન ટાઉન હૉલ, ગાંધીનગર ખાતે આ સ્પર્ધા યોજવામાં આવી હતી. કુલ ૨૧ ટીમોએ અંતાક્ષરીની આ રસપ્રદ સ્પર્ધામાં ભાગલીધો હતો, જે પૈકી હિંમતનગરની ટીમ આ સ્પર્ધામાં વિજેતા બની હતી. ગાંધીનગર ગૃપમાંથી ચાર સભ્યોએ પણ આ અંતાક્ષરી સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફૅડરેશનના વિવિધ હોદ્દેદારો, ગુજરાત રિજનના હોદ્દેદારો તથા વિવિધ ગૃપોના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પર્ધા શરૂ થયા પહેલાં સવારે ૯થી ૧૨ દરમ્યાન ગૃપ તરફથી બ્લૅડ ડૉનેશન કૅમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. એકત્ર થયેલા યુનિટ્સ કૅન્સર હૉસ્પિટલ, અમદાવાદને મોકલી આપવામાં આવ્યાં હતાં.

# માઉન્ટ કાર્મેલ શાળા ખાતે સ્કૂલ ફિસ્ટની ઉજવણી કરાઈ




ગાંધીનગર, તા. ૧૫

સૅક્ટર-૨૧ ખાતે કાર્યરત માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે 'ફિસ્ટ ઑફ મધર મેરી'ની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવી હતી.

વર્ષો પહેલાં ૧૪મી સદીમાં સત અલાઈજાહ દ્વારા સ્થાપિત કાર્મેલ સંપ્રદાયમાં ૧૬મી જુલાઈએ ફિસ્ટ ઑફ મધર મેરી તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. ૧૬ જુલાઈએ ૧૨૫૧ની સાલમાં મધર મેરીએ જનરલ સંત કાયમન સ્ટોકને દર્શન આપી બ્રાઉન સ્કેપ્યુલર આપી મોક્ષ અને શાંતિના આશીર્વાદ આપ્યા હતા.

આ તહેવારની ઉજવણી દરેક કાર્મેલ પરિવારમાં ઉત્સાહપૂર્વક થાય છે. ઈશ્વરને સમર્પિત થયેલાં સિસ્ટર્સ મધર મેરીના આદર્શોને જીવનમાં ઉતારી પ્રભુ પ્રત્યે નિષ્ઠા, નમ્રતા, આજ્ઞાંકિતપણા અને હૃદયની પવિત્રતાના સંદેશ સૌને પહોંચાડે છે. માઉન્ટ કાર્મેલ શાળાનાં બાળકોએ મધર મેરીના જીવનમાંથી મળેલાં મૂલ્યોને નાટક અને વકતવ્ય દ્વારા રજૂ કર્યાં હતાં. શાળાનાં પ્રિન્સીપાલ સિસ્ટર રેણૂકાએ વાર્તા દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવી ઈશ્વરમાં અડગ શ્રદ્ધા રાખી જીવનમાં સફળ થવા માટેના આશીર્વાદ સાથે તહેવારની શુભેચ્છા પાઠવી હતી.

કાર્મેલ પરિવારના તમામ સભ્યોને મીઠું મોં કરાવી ખૂબ ઉત્સાહભેર મધર મેરીના આદર્શોને વધાવતાં સુંદર રીતે આ કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને ૩૦૦૦ નોટોનું વિતરણ

ગાંધીનગર, તા.૧૫

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખ જીલુભા ધાધલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાની બેઠકમાં થયેલા નિર્ણય પ્રમાણે ગરીબ વિદ્યાર્થીઓને ફૂલ સ્કેપ નોટોનું વિતરણ તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

મગનભાઈ કાકડિયા, હરેશપાલ, નવીન વસોયા તરફથી મળેલ ૩૦૦૦ ફૂલ સ્કેપ નોટોનું વિતરણ સેકટર-૧૩, ૨૦ અને ૯ના ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબ વિદ્યાર્થીઓને કરવામાં આવ્યું હતું. આગામી માસમાં ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવાનું નક્કી થવાથી પ્રથમ તબકકામાં વન વિભાગના સહયોગથી મળેલા ૨૦૦૦ રોપાઓનું સૌરાષ્ટ્ર કચ્છ ટીમ દ્વારા કોટેશ્વર મહાદેવ મંદિરે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બીજા રોપાઓ સરકારી શાળાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને મંદિરોના પટાંગણમાં રોપવાનું નક્કી કર્યું છે.

આ રોપાઓને રોપીને ઉછેરવા માટે એન.પી. પટેલે વેસ્ટર્ન સીડઝ તરફથી ૧૦૦ ટી-ગાર્ડ, ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ તરફથી પૂર્ણ વિકાસ સુધી પાણી પાવાનું અને અન્ય ખર્ચ કેતનભાઈ ધોળુ-આવાસ બિલ્ડર્સ તરફથી મળશે. તા. ૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ભવ્ય 'સરસ્વતી સન્માન સમારોહ' ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## યુથ કેમ્પસ

- ધ્વનિલ પારેખ

### ગોતો હવે

ભાવ વધે બેફામ તો રોકો હવે,
માનવ થઈને આટલું સોચો હવે
આ ગરીબોની દશા જુઓ એક્વાર,
ના મદદ માંગે છતાં દોડો હવે
આ મકાનો ઊંચે આકાશ પહોંચ્યા,
રહેવા માટે ન મળે ઓટો હવે
જે વધી'તી ચૂંટણીમાં વહેંચતા,
વેચી દોને એ વધેલ નોટો હવે
ગાદી પર બેઠા ને અંધો થઈ ગયા,
કોઈ પ્રધાનોને દીયો આંખો હવે
ભાવ વધે છે એકધારા છે વિનંતી,
પક્ષો ભેળા થઈને રાહ ગોતો હવે

- મહેન્દ્રભાઈ રાઠોડ

### મોર અને ઢેલ

મોર અને ઢેલ હવે, બોલતા નથી રે
ચોક્માં છે દાણા પણ, ચણતા નથી રે
ક્ળાયેલ મોરલાને જોવા છે મારે
ગોખ ગોખ ફરતાં જોવા છે મારે
વાદળ વિનાના ટહૂક્તા નથી રે
ધીમે ધીમે ચલે ને ડોક ઊંચી રાખે
ઊંચેરા ઝાડવે ઊડીને બેસે
મોરપીંછ એના હવે ખરતાં નથી રે
વીજળીના ચમકારે, વરસ્યા છે વાદળા
ગાજ્યા મેહૂલાને ટહૂક્યા છે મોરલા
ઢેલની સંગાથે હવે ફરતાં દીઠાં રે
મોર અને ઢેલ હવે બોલતાં થયા રે
મોર અને ઢેલ હવે નાચતા થયા રે

- ભરત પાઠક 'નયન'

### વરસાદ તું ક્યારે આવીશ ?

વરસાદ, ઓ વરસાદ
તું ક્યારે આવીશ ? તું ક્યારે આવીશ ?
જલદી તું આવી જા,
અનરાધાર વરસાવી જા
સમય હવે પાક્યો
ખેડૂત બહુ થાક્યો
પાક જુએ તારી રાહ
તું ક્યારે આવીશ ? તું ક્યારે આવીશ ?
લોકોને લાગી તરસ
તૃષ્ણા તું છિપાવી જા
ક્રૂર તું કેમ બન્યો ?
વરસવાનું કેમ ભૂલ્યો ?
બસ હવે એક આશ
તું ક્યારે આવીશ ? તું ક્યારે આવીશ ?
પશુ બન્યા બેબાકળા
મીઠું જળ વરસાવી જા
ખેડૂત જુએ તારી રાહ
આ વરસે કરીશ નહિ તું નિરાશ
તું જલદી આવીશ ? તું હવે આવી જા.

- મોહમદસાદ સકીલમહંમદ વહોરા


### ઠપકો

અરે ! યુવાન
તારી દાઢીએ ભાત હવે ખાધા
તારા કુંવારા જાય એવા દા'ડા
તારી મૂછોમાં મૂકાયા માળા
દાંત પીળા ને હોઠ હોય કાળા
નત ખીલે તું સૂરજની સાથે
રાત સુવાની જાગીને કાઢે
દિલ ધડકે કે થડકે તું જાણે
વાત વાંઢાની વેદના તું પામે
લોક શોધે સંબંધ એવા તોરમાં
નથી રે'તો તું આજ કોઈ શહેરમાં
દુખ મોટું છે વાત તને કહેવા
નથી દીકરી કે બેન તને દેવા
નર નારીનો ભેદ થયો ખોટો
ઘટી દીકરી એ બોજ ઘણો મોટો
પેટ દીકરીનો નાશ થયો ખોટો
મૂળ વાત અહીં કરીયાવર મોટો

- દશરથસિંહ ઝાલા

# પરમાત્મા પાસે જાવ તો શુભ વિચારો લઈને જાવ

## સાધુનો પરિચય સાધુતા અને સજ્જનતા પ્રાપ્ત કરવા માટે કરવો જોઈએ, તમે કોઈક માટે સારું વિચારશો તો સામેવાળો માણસ પણ તમારા માટે સારું વિચારશે



અનંત ઉપકારી પરમ કૃપાળુ પરમાત્મા મહાવીરના શાસનમાં સર્વપ્રથમ ઉપકારનું સ્મરણ કરવા જેવું છે. એમની કૃપાથી યોગ્ય સ્થાનમાં જન્મ થયો છે. સંસ્કારી પરિવારમાં જન્મ થવો એ પણ પુણ્યની નિશાની છે.

જ્ઞાનીઓની દષ્ટિમાં કહ્યું છે કે અહીં સુધી જે વિકાસ કર્યો છે એ પરમાત્માની કૃપાથી જ થયો છે.

પુણ્યનો અભાવ હોત તો વિકાસ શક્ય બન્યો ન હોત. પુણ્ય માટે પણ શુભ સંજોગો અને સહયોગ આવશ્યક છે. જ્યારે તમારું કોઈ અસ્તિત્વ ન હતું ત્યારે જીવાત્મા કાળ કોટડીમાં પુરાયો હતો. એવી દશામાં જીવનો અનંતકાળ પસાર થયો છે. એક સંસારમાં અનંત જીવાત્માઓ હતા. અત્યાર સુધીમાં તમે ઘણાં પ્રવચનો સાંભળ્યા, પણ જીવન વિકાસની આધારશિલા શું છે ? જ્યાંથી પુણ્યનો ઉદય થાય છે એ જગ્યા કઈ છે તે જાણો. દરેક અવસ્થામાં કે જ્યાં પોતાને કે પરમાત્માનો પરિચય ન હતો ત્યારે અનંતકાળ દુખમાં ગયો હતો. જન્મ મરણની ક્રિયા ચાલતી હતી એ વખતે ઘણાં દુખોનો સામનો કર્યો છે. એનું પરિણામ એ આવ્યું કે બહુ પુણ્ય કમાયા પછી આ મહામૂલો મનુષ્યભવ મળ્યો છે, ત્યારથી આપણો ક્રમિક વિકાસ થવા માંડ્યો. એકેન્દ્રીય, બેઇન્દ્રીય, તેઇન્દ્રીય, ચૌરેન્દ્રીય વગેરે યોનિમાં કંઈ કેટલાય દુખો હતા. એ બધું સહન કરીને પુણ્યબળ પ્રાપ્ત કરીને પંચેન્દ્રીયપણું મળ્યું, માનવભવ મળ્યો. આ બધું સહન કરવાનો એ ચમત્કાર છે. જો ઈચ્છાથી સહન કરવામાં આવે તો આત્મા શુધ્ધ બની જાય. વાસ્તવમાં દુખમાંથી પુણ્યનો જન્મ થાય છે. આત્માની પૂર્ણતાને પ્રાપ્ત કરવી હોય તો પુણ્ય તત્ત્વ પ્રાપ્તકર્યા વગર એ શક્ય નથી. ભક્તિ, સમર્પણ, તપ, જપ, પરોપકાર, અનુકંપા વગેરે અનેક પ્રકારે પુણ્ય કમાઈ શકાય છે. દયા, દાન દ્વારા વ્યક્તિમાં ધર્મની અભિવૃધ્ધિ થાય છે. પુણ્ય હોય તો જ આ બધું શક્ય બને છે. એક માત્ર પરમાત્માની ભક્તિ દ્વારા પુષ્પ સમર્પણ કરીને કુમારપાળ મહારાજાએ પ્રબળ પુણ્ય ઉપાર્જન કર્યું હતું.

પુણ્ય પ્રાપ્ત કરવાનાં સાધનો બહુ છે. સંસાર નિરપેક્ષ છે. સાધનનો ઉપયોગ કેવી રીતે કરવો એનો વિવેક તમારા હાથમાં હોવો જોઈએ. જે પૈસો દુર્ગતિમાં લઈ જાય તે જ પૈસો તમને સદવ્યય દ્વારા સદગતિમાં પણ લઈ જઈ શકે છે. પુણ્યના સંબંધો હંમેશા તમારા વિચાર સાથે જોડાયેલા છે. તમે જેવું વિચારશો તેવા થઈ શકશો. નિષ્કામ ભાવનાથી પરમાત્માની આજ્ઞા સમજીને કાર્ય કરો તો પુણ્યબંધનું કારણ બને. પણ જો એમાં અહંકાર આવી જાય તો એ પરમાત્માની આજ્ઞાથી વિપરીત કાર્ય બનશે.

જો તમને ખબર પડે કે દૂધપાકમાં ઝેરનું એક ટીપું પણ ભળી ગયું છે, તો એ ગમે તેટલો સારો દૂધપાક દેખાતો હશે તો પણ તમે એને નહીં ચાખો. સંસારમાં રહેતા રહેતા પણ જો અહંકાર આવી જશે તો દુર્ગતિમાં જશો. મળેલ પુણ્યનો વિવેકપૂર્વક ઉપયોગ નહીં કરો તો એ પાપનો અનુબંધ કરાવશે. પુણ્યનો સુંદર ઉપયોગ વિવેકદ્રષ્ટિથી કરવો જોઈએ.વિચારોમાં પ્રચંડ શક્તિ છે. યુદ્ધ તો પછી થાય છે, પહેલા મનમાં એ અંગે વિચાર આવે છે. તમે પરમાત્માના ઉપકારને ભૂલી જાવ છો. વર્ષો પહેલાં ગામડામાં હતા, શહેરમાં આવ્યા, વેપાર ધંધો કર્યો, ઘણું કમાયા. કોઈ તમને પૂછે કેમ છો ? ધંધા પાણી કેવા છે ? તો તમે તુર્ત જ એ બધું મહામહેનતે કર્યું છે એમ કહેતો હો છો. વાસ્તવામાં અહીં તમારી ભૂલ થાય છે. પણ જો તમે ધંધા કે વેપારમાં ખોઈ બેઠા હશો, ખોટ કરી હશે તો તમે કહેશો કે ભગવાનને એવું મંજૂરહતું. કમાયા તો તમે કમાયા અને ખોયું તો ભગવાનને જવાબદાર ઠેરવો છો. આ કેવી વિચિત્રતા ? અહંકારથી આત્માનું રક્ષણ કરવા માટે પરમાત્માના ઉપકારને યાદ કરો. તમારે પુણ્ય કાર્ય કરવું નહીં અને પુણ્યના ફળી ઈચ્છા રાખવી છે, એ ક્યારેય શક્ય નહીં બને. તપ કરવું નથી અને વરદાન ઈચ્છો છો. પાપ તો પ્રેમ અને આદરથી કરો છો પણ એનું ખોટું પરિણામ ભોગવવાની તમારી તૈયારી નથી. વિચારીને આગળ વધો. આ જીવન મળ્યું છે તો પરોપકાર કરવા માટે છે. પુણ્ય કાર્ય કરવા દ્વારા એનું પોષણ કરો અને જીવનને ઉપકારનું મંદિર બનાવો તો ભવિષ્યમાં મોક્ષ તરફ આગળ વધી શકશો. વર્તમાન જીવન પરોપકાર માટે મળ્યું છે.

એક એક ઈન્દ્રિયનો સુંદર ઉપયોગ કરવો જોઈએ. આ ઈન્દ્રિયો ધર્મનું પ્રવેશદ્વારા બનવી જોઈએ. આંખનો ઉપયોગ જીવોની જયણા માટે થવો જોઈએ, એ રીતે કાનનો ઉપયોગ ધર્મ સાંભળવા માટે, હાથનો ઉપયોગ શુભ કાર્યો અને દાન માટે થવો જોઈએ. દાનને તો આભૂષણ ગણવામાં આવ્યું છે. પગનો ઉપયોગ ધર્મસ્થાનમાં જવા માટે થવો જોઈએ. ઈન્દ્રિયોના ઉપયોગમાં વિવેક અને જાગૃતિ રાખો. દરેક ઈન્દ્રિયનો ઉપયોગ આત્માની પ્રવૃત્તિ માટે કરો તો તે પુણ્યનું પ્રવેશદ્વાર બનશે. ઈન્દ્રિયો ઉપર અધિકાર પ્રાપ્ત કરો. એમ નહીં કરો ત્યાં સુધી સંસારનું પરિભ્રમણ ચાલ્યા કરશે. પરમાત્મા ઉપર જ્યારે ઉપસર્ગો થયા છે ત્યારે આત્માનો ઉપયોગ રાખ્યો હતો અને સહન કરી કરીને પુણ્યને પ્રબળ બનાવ્યું હતું.

આત્માને પ્રાપ્ત કરવા માટે પહેલા યોગ્યતા કેળવો. આત્માથી પરમાત્મા બનવા માટે ભગવાને પ્રવચન દ્વારા રસ્તો બતાવ્યો છે. ભગવાને બાર વર્ષ સુધી ઘોર સાધના કરી છે. ભગવાને કંઈ છૂપાવ્યું નથી. પુણ્ય માટે ધર્મક્રિયા કરવાની નથી, પણ સ્વયંને પામવા માટે અને ભગવાનની આજ્ઞા છે માટે ધર્મ કરવાનો છે એમ સમજો. પરમાત્મા પાસે જાવ તો શુભ વિચારો લઈને જાવ. તમારો સંસાર કે કારોબાર બરોબર ચલાવવાની ભાવના સાથે ન જાવ. ભગવાનની આજ્ઞા અનુસાર જીવન જીવવાનો પ્રયત્ન કરો. ધર્મક્રિયામાં ભૌતિક વસ્તુની અપેક્ષા કે લાલચ ન રાખો. જો એવું થશે તો ધર્મ કરવા છતાં તમારો સંસાર વધશે.

મહાન પુરૂષોના ચરિત્રો વાંચો અને અભ્યાસ કરો તો ધર્મ શું છે અને ધર્મ માટે લોકોએ કેવું બલિદાન આપ્યું છે એ ખબર પડશે અને જાણ્યા પછી એના માટે અહોભાવ જાગ્યા વિના નહીં રહે. સાધુનો પરિચય સાધુતા અને સજ્જનતા પ્રાપ્ત કરવા માટે કરવો જોઈએ. તમારા આત્મા માટે પ્રામાણિક અને વફાદાર બનો. પ્રવચનો તો બહુ સાંભળ્યાં છે પણ હવે એનો અમલ શરૂ કરો.

આહાર શુદ્ધ હશે તો વિચારો પણ શુદ્ધ આવશે. અભક્ષનો ત્યાગ કરો. પરોપકારની ભાવના રાખો તો એ પ્રબળ પુટ્ટ પેદા કરે છે. તમે કોઈક માટે સારું વિચારશો તો સામેવાળો માણસ પણ તમારા માટે સારું વિચારશે.

વાસનાના બંધન બહુ ભયંકર છે. સુંદર માનવ ભવ મળ્યો છે તો સમજો કે પરમાત્માનો ઉપકાર થયો છે. ધનથી પણ વધારે કિંમતી એવો આ માનવ ભવ મળ્યો, કિંમતી સમય મળ્યો તો આ સમયની કિંમત જાણવી જોઈએ. પુણ્યના ઉપાર્જન દ્વારા જ આત્માને સાચે રસ્તે લઈ જઈ શકાશે.

આ સંસાર મોક્ષનું સાધન છે એમ સમજો, સમયનો સદુપયોગ કરી લો, ધર્મની આરાધના કરી લો. આત્માને જાગૃત કરો, એનાથી કરોડો જન્મ સુરક્ષિત થાય છે.

- સંકલન : ચૈતન્ય પરીખ